# વાપી મહાનગરપાલિકા - વાપી

## પશુપાલકો/પશુમાલિકોને જાહેર જોગ નોટીસ

નામદાર ગુજરાત હાઇકોર્ટના નિર્દેશનો / હુકમો અન્વયે શહેરમાંથી રખડતા પશુ ત્રાસ અટકાવ અને નિયમનના કાયમી પગલા ભાગરૂપે પશુત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગેની પોલીસી - ૨૦૨૩ ને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરીપત્ર ક્રમાંક UDUHD/MSM/e-file/18/2022/7207/P SECTION Dt.21-08-2023 તથા મ્યુ.કોર્પોના વહીવટદારશ્રીના ઠરાવ નં-૧૮૩ તા.૨૯/૦૩/૨૦૨૫થી મંજૂરી મળેલ છે. જે અન્વયે પશુપાલકો/પશુમાલિકોને જાહેર નોટીશ આપી નીચે મુજબથી સૂચિત કરવામાં આવે છે

વાપી મહાનગરપાલિકા હદમાં રહેલા જે પશુની નોંધણી કરાવી RFID ચીપ અને ટેગ લગાડવાની કામગીરી ૧ ઓક્ટોબર ૨૦૨૬ થી ૩૧ ઓક્ટોમ્બર ૨૦૨૬ સુધી મહાનગરપાલિકા દ્વારા વિનામુલ્યે લગાવી આપવામાં આવશે.

ત્યાર પછીના બીજા ૦૧ માસ દરમ્યાન પશુ નોંધણી તથા RFID ચીપ અને ટેગ લગાવવા માટેનો પાર્જ પણ દીઠ રૂ.૨૦૦/-વસુલ કરવામાં આવશે તથા ત્યારબાદ બીજા ૦૨ માસ દરમ્યાન પશુ નોંધણી તથા RFID ચીપ અને ટેગ લગાવવા માટેનો ચાર્જ પશુ દીઠ રૂ.૧૦૦૦/- વસુલ કરવામાં આવશે.

-પરમીટ - લાયસન્સનો સમય ગાળો લાયસન્સ મળ્યેથી ત્રણ વર્ષે માટેનો રહેશે જે અંગેની લાઇશન્સ ફી ની રકમ રૂ. ૫૦૦/- તથા પરમીટ ફી ની રકમ રૂ.૨૫૦/- ભરવાની રહેશે. ત્રણ વર્ષની મુદત પૂર્ણ થવાની હોય તેના એક માસ પહેલા અરજી કરી રીન્યુઅલ ફી (લાયસન્સ માટે રૂ.૫૦૦/- તથા પરમીટ માટે રૂ.૨૫૦/-) ભરી લાયસન્સ-પરમીટ રીન્યુ કરાવવાની રહેશે. જેનો સમયગાળો પણ ત્રણ વર્ષનો રહેશે.

-લાયસન્સ/ પરમીટ મેળવવા પશુપાલકો પશુપાલિકાએ નિયત પુરાવાઓ સાથે અરજી કરવાની રહેશે. જરૂરી પુરાવા સાથે મુખ્ય ઓફીસમાં અરજી કરવાની રહેશે.

-લાયસન્સ / પરમીટની મુદત ત્રણ વર્ષ પૂર્ણ થવાની હોઈ તેના એક માસ પહેલા નિયમ મુજબ પુરાવા સાથે અરજી કરી ઉપર મુજબની રીન્યુઅલ ફી ભરી લાયસન્સ/ પરમીટ રીન્યુ કરાવવાની રહેશે.

-મુદત પૂર્ણ થયા બાદ લાયસન્સ/ પરમીટ રીન્યુઅલ ફી ભરે તો રૂા. ૧૦૦/- પ્રતિ માસ લેટ ફી ભરવાની રહેશે.

-પાંજરાપોળ ગૌ-શાળા જેવી સંસ્થાઓ કે જે પબ્લીક ચેરીટેબલ એક્ટ હેઠળ નોંધાયેલ હોઈ અથવા આ પ્રકારની માન્યતા પ્રાપ્ત સંસ્થાએ લાયસન્સ મેળવવા તેમજ લાયસન્સ ફી/ પરમીટ ફી માંથી મુક્તિ મેળવવા નિયત પુરાવાઓ સહિત અરજી કરવાની રહેશે.

જો કોઇ પશુમાલિક/ પશુપાલક શહેરની બહારથી નવા પશુ શહેરમાં લાવે તો તેમણે એક માસમાં પશુની નોંધણી કરાવી RFID ચીપ અને ટેગ લગાડવાની તથા પરમીટ/ લાયસન્સ મેળવવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

-કોઇપણ વ્યક્તિએ/ સંસ્થાએ પોતાની જગ્યામાં ઘાસચારાનું વેચાણ કરવા માટે પ્રવર્તમાન કાયદા નિયમો અંતર્ગત લાયસન્સ/પરવાનગી મેળવવાની રહેશે.

-પશુ રખડતુ મુકવા અંગે પશુ દ્વારા નાગરિકોને થતી ઈજા અંગેની સંપૂર્ણ જવાબદારી પશુ માલિકની રહેશે.

-જે પશુમાલિકો પાસે પશુ રાખવાની પોતાની જગ્યા ન હોઈ તો તેઓએ હવેથી શહેરમાં પશુ રાખી શકશે નહિ તથા તેઓએ પોતાના પશુઓ શહેર બહાર સ્વખર્ચે શીફ્ટ કરી દેવાના રહેશે. અન્યથા આવા પશુ પકડીને પાંજરાપોળ/ગૌશાળામાં પુરવામાં આવશે.

-રખડતા પશુઓ પકડવાની ટીમની આસપાસ ફરતા બાઈકર્સ/શખ્સો જે અવરોધ ઉભો કરે છે તેની અટકાયત કરી પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહીઓ શરૂ કરવામાં આવશે.

-૦૫ માસ પાકી એટલે જો કોઇપણ પશુને PFID ચીપ અને ટેગ લગાડવાની બાકી હશે અથવા લાયસન્સ / પરમીટ લીધેલ નહિ હોઇ તો તેવા પશુઓને પકડી પાંજરાપોળ/ગૌશાળામાં પુરવામાં આવશે જે પરત કરવામાં આવશે નહી.

-પશુઓ વારવાર રખડતા મુકતાઃ રીપીટેડ ઓફેન્ડરની યાદી બનાવી દંડનાત્મક તથા કાયદેસરની કાર્યવાહીઓ પણ હાથ ધરવામાં આવશે.

-ઉપરોક્ત સુચનાઓ પશુપાલકો/પશુમાલિકોની જાણકારી માટે તથા પોલીસીની અમલવારીના ભાગરૂપે પ્રસિધ્ધ કરવામાં આવે છે.જેની તમામ સંબંધિતે નોંધ લેવી.

સહી/- નાયબ મ્યુનિસિપલ કમિશનર
વાપી મહાનગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૪૩૦/૨૦૨૬